ચિલીયાવાંટ, જેતપુર-પાવી, છોટાઉદેપુર ખાતે

# માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર (આઈસીએઆર), આ.કૃ.યુ., આણંદ દ્વારા

# ટ્રાયબલ સબ-પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિરનું આયોજન

માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટર (આઈસીએઆર), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા શુક્રવાર, તા.૧૪.૦૬.૨૦૨૪ના રોજ ચિલીયાવાંટ, જેતપુર-પાવી, છોટાઉદેપુર ખાતે ટ્રાયબલ સબ-પ્લાન યોજનામાં પ્રથમ હરોળ નિદર્શન અંતર્ગત અનુસુચિત જનજાતિના છોટા ઉદેપુરના ખેડૂતો માટે "ગૌણ તથા સૂક્ષ્મતત્વોની ખેતીમાં અગત્યતા" વિષય પર "ખેડૂત શિબિર" નું આયોજન માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ સારી ગુણવત્તાવાળુ પાક ઉત્પાદન પ્રાપ્ત કરવા ખેતીમાં સૂક્ષ્મ અને ગૌણ પોષકતત્વોનો ઉપયોગ કરવા માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવા કરવાનો હતો.

સદર ખેડૂત શિબિરમાં માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટરના સહસંશોધન વૈજ્ઞાનિક તથા વડાશ્રી, ડૉ. કે. સી. પટેલ દ્વારા ખેડૂતોને જમીનમાં માઈક્રોન્યૂટ્રિયન્ટની વધતી જતી ઊણપ અને ખાતરના યોગ્ય અને સંતુલિત વ્યવસ્થાપન વિશે માહિતી આપી હતી. માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટરના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. દિલીપ કુમાર દ્વારા ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા ચાલતી માઈક્રોન્યૂટ્રિયન્ટ રીસર્ચ સેન્ટરની ટ્રાયબલ સબ-પ્લાન યોજના સ્કીમની માહિતી આપી હતી. ડૉ. એ. વી. કોટેચા, મદદનીશ પ્રાધ્યાપક (બાગાયત) દ્વારા બાગાયતી પાકોના વાવેતર તથા તેની માવજત વિશે અને શ્રી. અર્જુનસિંહ રાઠવા, મદદનીશ પ્રાધ્યાપક (પાક સંરક્ષણ), કૃષિ મહાવિધાલય, જબુગામ દ્વારા ખેતી પાકોમાં રોગ-જીવાતના નિયંત્રણ વિષય પર માહિતી આપવામાં આવી હતી. આ સમારંભના પ્રમુખશ્રી ડૉ. એસ. આર. પટેલ, આચાર્યશ્રી, કૃષિ મહવિધાલય, આકૃયુ, જબુગામ દ્વારા કૃષિ શિક્ષણ, અદ્યતન સંશોધિત ટેક્નોલોજીનો બહોળો ઉપયોગ તેમજ પાકૃતિક ખેતી પધ્ધતિ વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી. સદર ખેડૂત શિબિર કાર્યક્રમમાં રાજપુર, કોસુમ, ભિંડોલ, મોટી દેવધ તથા ચિલીયાવાંટ ગામોના અંદાજે ૧૧૦ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમારંભના અંતે શ્રી. રવિ પટેલ દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કાર્યક્રમની ઝાંખીઓ


ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા






ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા


ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા




ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા


ખેડૂત શિબિર
ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની ખેતીમાં અગત્યતા